પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૧૧૧ | ૩૦ જુન, ૨૦૨૩, શુક્રવાર; અષાઢ સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# આવતીકાલથી અમરનાથ યાત્રા આરંભાશે

## ૩ લાખનું રજિસ્ટ્રેશન, આજે પ્રથમ ટૂકડી અમરનાથ માટે રવાના થશે : શ્રદ્ધાળુઓની સુવિધાને ધ્યાનમાં રાખીને તમામ પ્રકારની તૈયારીઓ પૂર્ણ : સુરક્ષાની પૂરતી વ્યવસ્થા કરવામાં આવી





નવી દિલ્હી, તા.૨૯

૧ જુલાઈથી શરૂ થનારી અમરનાથ યાત્રા માટે અત્યાર સુધીમાં લગભગ ૩ લાખ શ્રદ્ધાળુઓએ એડવાન્સ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. આવતીકાલે ભગવતી નગરથી ભક્તોની પ્રથમ ટુકડી અમરનાથ ગુફા તરફ રવાના થશે. અમરનાથ શ્રાઈન બોર્ડ અને સ્થાનિક પ્રશાસને જણાવ્યું કે, શ્રદ્ધાળુઓની સુવિધાને ધ્યાનમાં રાખીને તમામ પ્રકારની તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. આ ઉપરાંત સુરક્ષાની પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે.

જમ્મુ અને કાશ્મીરના પ્રવેશદ્વાર લખનપુરથી કાશ્મીર સુધી ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સાથે અન્ય જરૂરી સુવિધાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે. આ વર્ષે યાત્રામાં રેકોર્ડબ્રેક સંખ્યામાં શ્રદ્ધાળુઓ ભાગ લે તેવી અપેક્ષા છે. ગત વર્ષે ૪૪ દિવસની યાત્રામાં લગભગ ૨૦ દિવસ ખરાબ હવામાનને કારણે પ્રવાસને ઘણી અસર થઈ હતી. આ વખતે સુરક્ષા વ્યવસ્થામાં મહત્વનો ફેરફાર કરવામાં આવ્યો છે.

ઈન્ડો-તિબેટિયન બોર્ડર પોલીસના જવાનો, જેઓ પર્વતીય યુદ્ધની તાલીમ લે છે, તેમને સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સને બદલે ગુફા મંદિરમાં તૈનાત કરવામાં આવ્યા છે.

જ્યારે આઈટીબીપી અને બોર્ડર સિક્યુરિટી ફોર્સ લગભગ અડધો ડઝન કેમ્પની સુરક્ષા માટે તૈનાત કરાશે, જે અગાઉ દેશના પ્રાથમિક આંતરિક સુરક્ષા દળ સીઆરપીએફ દ્વારા રક્ષિત હતા. સીઆરપીએફ હજુ પણ ગુફા મંદિરના પગથિયાં નીચે તૈનાત રહેશે. સૂત્રોએ આપેલ માહિતી અનુસાર, નવી વ્યવસ્થા "ઉભરતા સુરક્ષા જોખમો અને પડકારોને" ધ્યાનમાં રાખીને અને "જમ્મુ અને કાશ્મીર પોલીસની જરૂરિયાતો" અનુસાર કરવામાં આવી છે.

## કે. ચંદ્રશેખર રાવના શક્તિ પ્રદર્શન પર શરદ પવારે ચિંતા વ્યક્ત કરી

### તેલંગણાના મુખ્યપ્રધાન કાફલા સાથે પંઢરપુર પહોંચ્યા

મુંબઈ, તા.૨૯

ભારત રાષ્ટ્ર સમિતિ (બીઆરએસ) ના પ્રમુખ અને તેલંગણાના મુખ્ય પ્રધાન કે ચંદ્રશેખર રાવ સોમવારે ૬૦૦ કારના કાફલા સાથે મહારાષ્ટ્રના બે દિવસીય પ્રવાસ પર પહોંચ્યા ત્યારે એનસીપી (રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી)ના વડા શરદ પવારે તેના અંગે ચિંતા વ્યક્ત કરી હતી. શરદ પવારે તેલંગણાના મુખ્ય પ્રધાન કે. ચંદ્રશેખર રાવ એક વિશાળ કાફલા સાથે મહારાષ્ટ્રના પંઢરપુર શહેરમાં પહોંચવા સામે વાંધો ઊઠાવતા કહ્યું હતું કે 'તાકાત બતાવવા'નો આ પ્રયાસ ચિંતાજનક છે. એનસીપીના વડા શરદ પવારે કહ્યું કે જો ચંદ્રશેખર રાવની મુલાકાત બંને રાજ્યો વચ્ચે સહકાર વધારવા પર કેન્દ્રિત હોત તો તે વધુ સારું હોત.

## પેટ્રોલ-ડીઝલના ભાવ ઘટાડાની સંભાવના

### ભાવમાં ઘટાડાની ડીલર વર્તુળોમાં જોરદાર ચર્ચા ચાલી રહી છે : ક્રુડના ભાવ ૬૬ ડોલર ઘટી ગયા છે : આ વાતને ૧૪ માસ જેટલો સમય વીતી ગયો છે છતાં પેટ્રોલ કે ડીઝલની કિંમતમાં કોઈ રાહત મળી નથી

નવી દિલ્હી, તા.૨૯

હાલ દરેક વ્યક્તિને મોંઘવારીની ચિંતા સતાવી રહી છે. જીવન જરૂરિયાતી વસ્તુઓના સતત વધતા ભાવથી લોકોને ડર લાગી રહ્યો છે. ભાવ ઉંચેને ઉંચે જઈ રહ્યા છે, પણ નીચે ઉતરતા નથી. આવામાં હવે પેટ્રોલ-ડીઝલના ભાવ ઘટાડાની ફરીથી ચર્ચા ઉઠી છે. ૧ જુલાઈથી પેટ્રોલ ડીઝલના ભાવમાં ઘટાડાની ડીલર વર્તુળોમાં જોરદાર ચર્ચા ચાલી રહ્યાં છે. આ ચર્ચાથી નાગરિકો ગેલમાં આવી ગયા છે.

વાત એમ છે કે, ક્રુડના ભાવ સતત નીચે ઉતરી રહ્યાં છે. આ કારણે પેટ્રોલ-ડીઝલના ભાવ પણ ઘટે તે માટે સતત દબાણ વધી રહ્યું છે. ત્યારે ચર્ચા ઉઠી છે કે, ૧ જુલાઈથી સરકાર પેટ્રોલ ડીઝલના ભાવમાં ઘટાડો જાહેર કરે તેવી પૂરતી શક્યતા છે. જો આવુ થયુ તો લોકોના ખિસ્સાનો ભાર હળવો થશે. જોકે, સરકાર કેટલો ભાવ ઘટાડો જાહેર કરે તેની કોઈ માહિતી હજી નથી.

● અનુસંધાન પાન-૭ પર

## ભારતમાંથી પવિત્ર કૈલાશ પર્વતના દર્શન થઈ શકશે

### પિથોરાગઢના અધિકારીઓએ વધુ એક શિખર શોધી કાઢ્યું છે જ્યાંથી કૈલાશ પર્વત ખૂબ જ સરળતાથી જોઈ શકાય છે

નવી દિલ્હી, તા.૨૯

કૈલાશ પર્વત અને માનસરોવરના દર્શન કરવા ઈચ્છતા શ્રદ્ધાળુઓ માટે એક સારા સમાચાર છે. હકીકતમાં, અત્યાર સુધી ભારત આ બંને સ્થળોના દર્શન માટે ચીન પર નિર્ભર હતું. ચીનની પરવાનગી મળ્યા બાદ જ અહીંની યાત્રા શક્ય બની હતી. કારણ કે આ બંને તિબેટ પ્રદેશમાં આવે છે. છેલ્લા ત્રણ વર્ષથી ચીને આ યાત્રા માટે પરવાનગી આપી નથી, જેના

● અનુસંધાન પાન-૭ પર

## ત્રિપુરામાં રથ વીજળીના હાઈટેન્શન તારને અડી જતાં મોટી દુર્ઘટના સર્જાઈ

### લોખંડથી બનેલા રથને ભક્તો ખેંચી રહ્યા હતા ત્યારે લોખંડનો રથ રસ્તામાં હાઈટેન્શન તાર સાથે અડી ગયો હતો : ૬નાં મોત : ૧૫ દાઝ્યા

ત્રિપુરા, તા.૨૯

ત્રિપુરામાં એક મોટી દુર્ઘટના બની છે. અહીંના કુમારઘાટમાં ભગવાન જગન્નાથની રથયાત્રા યોજાઈ હતી. જ્યાં રસ્તામાં વીજળીના હાઈ ટેન્શન વાયર સાથે રથ અથડાઈ ગયો હતો. આ કારણે તેમાં કરંટ ફેલાયો અને આ અકસ્માતમાં ૬ લોકોના મોત થયા છે. જ્યારે ૧૫ લોકો દાઝી ગયા છે. ઘટનાને પગલે વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. પીડિતોને જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

આ હૃદયદ્રાવક ઘટના આજે સાંજે લગભગ ૪.૩૦ વાગ્યે ઉનાકોટી જિલ્લાના કુમારઘાટ ખાતે બની હતી. અહીં ભગવાન જગન્નાથનો 'ઉલ્ટા રથયાત્રા' ઉત્સવ ઉજવવામાં આવી રહ્યો હતો. જેમાં ભગવાન બલભદ્ર, દેવી સુભદ્રા અને ભગવાન જગન્નાથની રથયાત્રા યોજાઈ હતી. લોખંડના બનેલા વિશાળ રથને હજારો લોકો હાથ વડે ખેંચી રહ્યા હતા. દરમિયાન લોખંડનો રથ માર્ગમાંથી બહાર આવતા હાઈ ટેન્શન વીજ વાયર સાથે અથડાયો હતો. રથમાં જોરદાર કરંટ ફેલાઈ ગયો અને લગભગ બે ડઝન લોકોને વીજ કરંટ લાગ્યા. કરંટ લાગવાથી ૬ લોકોના મોત થયા હતા અને ૧૫ લોકો દાઝી ગયા હતા.

## હવે માત્ર ત્રણ દિવસમાં IPOનું લિસ્ટિંગ થઈ જશે

### સેબીએ FPIના નિયમો કડક બનાવ્યા : અદાણી ગ્રૂપ સામે હિન્ડનબર્ગના આરોપો પછી સેબીએ ડિસ્કલોઝરના નિયમોમાં હવેથી ફેરફાર કર્યો છે

મુંબઈ, તા.૨૯

શેરબજારમાં કોઈ કંપનીનો આઈપીઓ આવે ત્યાર પછી તેના લિસ્ટિંગમાં હવે વધુ સમય નહીં લાગે. સેબીએ કરેલા નવા સુધારાના કારણે આઈપીઓ પછી માત્ર ત્રણ દિવસની અંદર શેરબજારમાં તેનું લિસ્ટિંગ થઈ જશે. હાલમાં લિસ્ટિંગમાં છ દિવસનો સમય લાગે છે. આઈપીઓના લિસ્ટિંગનો સમય ઘટાડવા માટે સેબી સમક્ષ દરખાસ્ત કરવામાં આવી હતી જેને સેબીના બોર્ડે મંજૂરી આપી દીધી છે. ઈશ્યૂ બંધ થાય તે દિવસથી ત્રણ દિવસ ગણવામાં આવશે. T3 પ્રમાણે સુધારેલો સમયગાળો બે તબક્કામાં લાગુ થશે. સૌથી પહેલા તે ૧ સપ્ટેમ્બર ૨૦૨૩ પછી સ્વૈચ્છિક રાખવામાં આવશે અને ૧ ડિસેમ્બર ૨૦૨૩ પછી તે ફરજિયાત કરવામાં આવશે.

## ટ્રેન બે કલાકથી વધુ મોડી પડે તો રેલવે મફતમાં ભોજન આપશે

### રેલવેના નિયમો મુજબ ઓનલાઈન ટિકિટ બુક કરાવનારા મુસાફરોને પણ આ સુવિધા આપવામાં આવે છે

નવી દિલ્હી, તા.૨૯

જો તમે પણ ટ્રેનમાં મુસાફરી કરો છો તો તમારા માટે એક મહત્વના સમાચાર આવી રહ્યા છે. જી હા, ભારતીય રેલવેમાં મુસાફરી કરનાર કરોડો પ્રવાસીઓને ખાસ શરતો હેઠળ વિશેષ સુવિધાઓ આપવામાં આવશે અને રેલવે દ્વારા સમયાંતરે મુસાફરોને ઘણી સુવિધાઓ મફતમાં આપવામાં આવે છે આવી જ એક મહત્વની જાહેરાત રેલ્વે પ્રધાન અશ્વિની વૈષ્ણવ દ્વારા કરવામાં આવી છે અને એ મુજબ પ્રવાસીઓને મફત ભોજન આપવામાં આવશે. જો તમે પણ ટ્રેનમાં મુસાફરી કરી રહ્યા છો તો રેલવેના નિયમોનું ખાસ ધ્યાન રાખો, જેથી તમને મફત ભોજન પણ મળશે. ચાલો જાણીએ કે શું છે આ નિયમ અને કયા પ્રવાસીઓને આ મફત ભોજનની સુવિધા મળશે? રેલવેના નિયમ મુજબ મુસાફરી કરી રહેલા મુસાફરોના ખાવાના પૈસા ચૂકવવા પડશે નહીં. રેલવે દ્વારા મુસાફરોને તમામ પ્રકારની સુવિધા આપવામાં આવે છે. આ વખતે અમે તમને એક

## વોટબેંકથી ચિંતિત કેનેડા ખાલિસ્તાની પ્રવૃત્તી પર પ્રતિબંધ નથી લાદતું : જયશંકર

નવી દિલ્હી, તા.૨૯

કેનેડામાં ખાલિસ્તાની પ્રવૃતિઓ પર પ્રતિબંધ લાગુ ન કરવા મુદ્દે વિદેશ મંત્રી એસ જયશંકરે આકરા પ્રહાર કર્યા છે. બુધવારે તેમણે કહ્યુ કે વોટ બેંક પોલિટિક્સના કારણે આવુ થઈ રહ્યુ છે. ભારત વિરોધી તત્વો પર રોક ન લગાવવાના કારણે જ બંને દેશોના સંબંધો નીચલા સ્તરે છે. એટલુ જ નહીં આ અવસરે તેમણે ચેતવણી પણ આપી અને કહ્યુ કે જો કેનેડામાં થઈ રહેલી પ્રવૃતિઓથી ભારતની સંપ્રભુતા, સુરક્ષા અને અખંડતા પર જોખમ પેદા થશે તો પછી ભારત તેની પર એક્શન લેશે.

અમારા માટે મહત્વનું એ છે કે કેનેડા ખાલિસ્તાન મુદ્દે કઈ રીતે ડીલ કરે છે. તેમણે કહ્યુ કે કેનેડા વોટ બેંકની રાજનીતિના કારણે આ મામલે ઢીલ મૂકી રહ્યુ છે. આ મામલાએ ઘણી રીતે ભારત અને કેનેડાના સંબંધોને પ્રભાવિત કર્યા છે. જયશંકરે પાકિસ્તાન અંગે પણ કહ્યુ કે આતંકવાદનો ખાતમો થયા પહેલા કોઈ વાત શક્ય નથી.

અમે આતંકવાદને સામાન્ય થવા દઈ શકીએ નહીં. અમે નહીં

● અનુસંધાન પાન-૭ પર

## મણિપુરમાં પોલીસે હિંસા પીડિતોને મળવા જતા રાહુલ ગાંધીને રોક્યા

ઈમ્ફાલ, તા.૨૯

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી મણિપુર પહોંચીને હિંસા પીડિતોને મળવા એરપોર્ટથી રવાના થયા હતા ત્યારે માત્ર ૨૦ કિમી જ આગળ વધતા તેમના કાફલાને બિષ્ણુપુર જિલ્લામાં પોલીસે રોકી દીધો હતો. પોલીસે કહ્યું હતું કે આગળ અશાંતિ છે. રાહુલ ગાંધી આજથી મણિપુરના બે દિવસીય પ્રવાસ પર છે. તેઓ આજે સવારે દિલ્હીથી ફલાઈટ દ્વારા મણિપુર પહોચ્યા હતા. રાહુલ ગાંધી આજે અને આવતીકાલે મણિપુરમાં રાહત શિબિરોની મુલાકાત લેશે અને પીડિતોની સ્થિતિ જાણશે. આ ઉપરાંત રાહુલ મણિપુરની રાજધાની ઈમ્ફાલ અને ચુરાચંદપુરમાં નાગરિક સમાજના પ્રતિનિધિઓ સાથે વાતચીત કરશે.

## ક્રેડિટ કાર્ટ દ્વારા વિદેશી ખર્ચ પર કોઈ ટીસીએસ કપાશે નહીં

### વાર્ષિક ૭ લાખ સુધીના વિદેશી ખર્ચ પર કોઈ ટીસીએસ લાગશે નહીં : ક્રેડિટ કાર્ડ દ્વારા વિદેશમાં કરાયેલું પેમેન્ટ એલઆરએસ યોજના હેઠળ આવશે નહીં

નવી દિલ્હી, તા.૨૯

વિદેશી ખર્ચ અને ટીસીએસ અંગે મોટી ખબર સામે આવી રહી છે. જેનાથી વિદેશમાં ફરવા જનારને મોજ પડી શકે છે. હવે ક્રેડિટ કાર્ટ દ્વારા વિદેશી ખર્ચ પર કોઈ ટીસીએસ એટલે કે ટેક્સ અટ સોર્સ કપાશે નહીં. સરકારે આ માટે નોટિફિકેશન જાહેર કર્યુ છે. નોટિફિકેશનમાં કહેવામાં આવ્યુ છે કે ક્રેડિટ કાર્ડ દ્વારા વિદેશમાં કરવામાં આવેલુ પેમેન્ટ એલઆરએસ એટલે કે લિબ્રલાઈઝ્ડ રેમિટેન્સ યોજના હેઠળ આવશે નહીં. વાર્ષિક ૭ લાખ સુધીના વિદેશી ખર્ચ પર કોઈ ટીસીએસ લાગશે નહીં.

નાણા મંત્રાલયે કહ્યુ કે પ્રતિ વ્યક્તિ ૭ લાખ રૂપિયા સુધી વાર્ષિક એલઆરએસ હેઠળ વિદેશી ટૂર

● અનુસંધાન પાન-૭ પર




## રાજસ્થાનમાં એક સાથે ૩ ટ્રકનો ભીષણ અકસ્માત : પાંચના મોત

### કેટલાય ઢોરના પણ મોત : એક ટ્રકમાં ઢોર લાદીને જઈ રહ્યા હતા : ફુલ સ્પિડ ટ્રક રોડ સાઈડમાં ઊભેલા ૨ ટ્રકની સાથે ટકરાઈ ગયો હતો

દૂદૂ(રાજસ્થાન), તા.૨૯

રાજસ્થાનમાંથી મોટા સમાચાર આવી રહ્યા છે. અહીં દૂદૂ નજીક જયપુર-અજમેર નેશનલ હાઈવે પર એક બાદ એક ૩ ટ્રકના ભીષણ અકસ્માત બાદ આગ લાગી ગઈ છે. તેની ચપેટમાં આવવાથી ૫ લોકોના મોત થઈ ગઈ છે. કેટલાય ઢોર મરી ગયા છે. ત્રણેય ટ્રકની ટક્કરથી નેશનલ હાઈવે પર



ચિત્કાર ચિસો સાંભળવા મળી હતી. આગ એટલી ભયાનક હતી કે લોકોને બચાવવાનો પણ સમય ન મળ્યો. જ્યાં સુધી કોઈ કંઈ સમજી શકે ત્યાં સુધીમાં ૫ લોકોના મોત થઈ ગયાં. આ દુર્ઘટનામાં કેટલાય ઢોરના જીવ જતાં રહ્યા હતા. દુર્ઘટનાની સૂચના મળતા જ ઘટનાસ્થળ પર પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમ પહોંચી ગઈ.

તૃતીય વાર્ષિક પૂણ્યતિથીએ શ્રધ્ધાંજલિ



શ્રી હિમાંશુ પી. શુક્લ
સ્વ. તા. ૩૦.૦૬.૨૦૨૦
સચિવાલય કેડરમા સ્ટેનોગ્રાફર (પી.એસ)

તરીકે ફરજ બજાવતા શ્રી હિમાંશુ પી. શુક્લનું તા. ૩૦.૦૬.૨૦૨૦ના રોજ કોરોનાની કારમી થપાટે આપને વૈકુંઠવાસ થયે ત્રણ વર્ષ વીતી ગયું છું. આપની અણધારી વિદાયથી હજુ અમારૂ મન માનતું નથી કે આપ અમારી વચ્ચે નથી. પ્રભુ આપના દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

સ્થળ : સેક્ટર : ૨બી, પ્લોટ : ૩૪૭/૨, ગાંધીનગર.

રેખા હિમાંશુ શુક્લ (પત્ની) • હાર્દ હિમાંશુ શુક્લ (પુત્ર)